# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

****************************************************

1) આર્થિક વિકાસને વેગ આપતુ અને લોકોની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરનારુ બજેટ સંસદમાં રજૂ કરતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણ

2) મૂડી ખર્ચ માટે 12 લાખ 20 હજાર કરોડની કેન્દ્રીય બજેટમાં ફાળવણી.. ઉચ્ચ શિક્ષણ STEM માટે દરેક જિલ્લામાં એક કન્યા છાત્રાલય સ્થપાશે

3) પ્રધાનમંત્રીએ અંદાજપત્રને અનેક તકોના રાજમાર્ગ તરીકે વર્ણવ્યુ.. તમામ ક્ષેત્રોએ બજેટને આવકાર્યું

4) બજેટની જાહેરાત બાદ શેરબજારમાં એક હજાર પાંચસો કરતાં વધુનો કડાકો

5) જલંધરમાં પ્રધાનમંત્રીએ ગુરૂ રવિદાસજીના 649 માં પ્રકાશ પર્વ નિમિત્તે શ્રધ્ધાંજલી અર્પી

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# BUDGET MAIN STORY

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણે આજે અંદાજપત્ર રજૂ કર્યું હતું..રજૂ થયેલા આ બજેટમાં યુવા શક્તિ સંચાલિત અંદાજપત્રમાં ગરીબો , વંચિતો અને લાભ ઉપેક્ષિતો પર ધ્યાન કેન્દ્રિત કરવાના સરકારના 'સંકલ્પ' પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં નવો આવકવેરા અધિનિયમ, 2025 એપ્રિલ 2026 થી અમલમાં આવશે, આવકવેરા સંબંધિત સરળ નિયમો અને સ્વરૂપોને ટૂંક સમયમાં અધિસૂચિત કરવામાં આવશે.. દંડ અને કાર્યવાહીને તર્કસંગત બનાવવા માટે કાર્યવાહીની બહુવિધતામાં ઘટાડો કરાશે.. કેટલીક પ્રાથમિક સહકારી મંડળીઓમાં કપાત પહેલાંથી જ ઉપલબ્ધ છે જેનું વિસ્તરણ કરીને પશુધનના ચારા અને કપાસના બીજ સુધી વ્યાપક બનાવાશે.. 15.5% ના સામાન્ય સલામત હાર્બર માર્જિન સાથે ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેવાઓની એકલ શ્રેણી રહેશે..આઇટી સેવાઓ માટે સલામત હાર્બર ઉપલબ્ધ કરાવવા માટે 2000 કરોડ રૂપિયાની ટોચ મર્યાદા રહેશે , જે 300 કરોડ રૂપિયાથી વધારવામાં આવી છે.વિદેશી ક્લાઉડ સેવા પ્રદાતાને 2047 સુધી ટેક્સ હોલિડેની સવલત પૂરી પડાશે.પૂર્વાનુમાનિત આધાર પર કર ચુકવી રહેલા તમામ બિન-નિવાસીઓને લઘુત્તમ વૈકલ્પિક કરમાંથી મુક્તિની જાહેરાત કરાઇ છે..

## TAX

કેન્દ્રીય નાણામંત્રીએ કરવેરા વર્ષ 2027-28 થી ICDS પર આધારિત અલગ એકાઉન્ટિંગની આવશ્યકતાને દૂર કરવા માટે Indian અકાઉન્ટિગ ધોરણમાં ફેરફાર કરવા માટે મંત્રાલય દ્વારા સંયુક્ત સમિતિની સ્થાપના કરવાની જાહેરાત કરી છે ..ફ્યુચર્સ સોદાઓ પર STT હાલમાં 0.02 ટકાથી વધારીને 0.05 ટકા કરાશે. ....1

મહત્વપૂર્ણ ખનીજોની પ્રક્રિયા માટે જરૂરી કેપિટલ ગુડ્સની આયાત પર લાગુ કરવામાં આવતી મૂળભૂત કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્તિ અપાશે.. 17 દવાઓ કે ઔષધો પરની મૂળભૂત કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવી,

મુંબઈ ખાતે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ક્રિએટિવ ટેક્નોલોજીસ દ્વારા 15,000 માધ્યમિક શાળાઓ અને 500 કોલેજોમાં AVGC કન્ટેન્ટ ક્રિએટર પ્રયોગશાળાઓની સ્થાપના, ઉચ્ચ શિક્ષણ STEM સંસ્થાઓ માટે જિલ્લામાં એક કન્યા છાત્રાલય સ્થપાશે..આ ઉપરાંત ભારતીય વિદ્યાર્થીઓને જે રીતે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મળી રહે છે તેવું જ શિક્ષણ દેશમાં મળી રહે તે માટેની જોગવાઇ કરી છે.

(બાઇટ- નિર્મલા સિતારામણ)

સરકારે IIM 20 પર્યટન સ્થળોએ 10,000 ગાઇડનું કૌશલ્ય વધારવા માટેની યોજનાની જાહેરાત કરી છે.

આગામી દાયકામાં ખેલો ઇન્ડિયા મિશન દ્વારા રમતગમત ક્ષેત્રનું પરિવર્તન થશે.

'લખપતિ દીદી કાર્યક્રમ 'ની સફળતાને ધ્યાનમાં રાખીને , સ્વ-સહાય ઉદ્યમી (SHE) માર્ટ્સને ઉન્નત અને આવિષ્કારી નાણાંકીય સાધનો દ્વારા ક્લસ્ટર સ્તરના સંઘોમાં સામુદાયિક માલિકીના રિટેલ આઉટલેટ્સ તરીકે સ્થાપિત કરવામાં આવશે.

**DIRECT TAX**

કર અમલીકરણને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે, અંદાજપત્રમાં કોર્પોરેટ બાબતોના મંત્રાલય અને કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડની સંયુક્ત સમિતિની રચનાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે,

INDIRECT TAX

નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે , કસ્ટમ્સ અને કેન્દ્રીય આબકારી જકાત માટેની દરખાસ્તોનો ઉદ્દેશ્ય ટેરિફ માળખાને વધુ સરળ બનાવવાનો , સ્થાનિક ઉત્પાદનને ટેકો આપવાનો, નિકાસ સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાનો અને ડ્યૂટીમાં સુધારો કરવાનો છે.

. . . . . . . . . . . . .

# FM-SITARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે કુલ 12 લાખ 20 હજાર કરોડ રૂપિયા મૂડી ખર્ચ માટે ફાળવવામાં આવ્યા છે, જે GDPના ૪.૪ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. આ છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ ફાળવણી છે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે સરકાર ૨૦૨૬-૨૭માં રાજકોષીય ખાધ GDPના ૪.3 ટકા રહેવાની અપેક્ષા રાખે છે,જે ચાલુ નાણાકીય વર્ષના અંદાજિત ૪.૪ ટકા કરતા ઓછી છે.

બજેટ પછીની પત્રકાર પરિષદને સંબોધતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે આ બજેટ દ્વારા સરકાર અર્થતંત્રને વેગ આપવા અને વિકાસ ગતિ જાળવી રાખવાનો માર્ગ મોકળો કરી રહી છે.

ટેકનોલોજી ક્ષેત્ર માટેની જોગવાઈઓ અંગે તેમણે જણાવ્યું હતું કે દરેક શહેરને દર વર્ષે 1 હજાર કરોડ ફાળવવામાં આવી રહ્યા છે , જેમાં ટાયર-ટુ અને ટાયર-થ્રી શહેરો પર નોંધપાત્ર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર અંગે તેમણે કહ્યું કે 40 હજાર કરોડ રૂપિયાની ઇલેક્ટ્રોનિક ઘટકો ઉત્પાદન યોજના ભારતની આત્મનિર્ભરતા માટે એક મોટું પ્રોત્સાહન છે.

દુર્લભ ખનિજો કોરિડોર અંગે કહ્યું કે સરકારે દુર્લભ ખનિજો કોરિડોરની સ્થાપનાની જાહેરાત કરી છે જેથી ભારત પોતાના સંસાધનોમાંથી તેની જરૂરિયાતો પૂરી કરી શકે.

. . . . . . . . . . . . .

# PM ON BUDGET

કેન્દ્રીય બજેટની જાહેરાત બાદ પ્રધાનમંત્રીએ આજના બજેટને ઐતિહાસિક ગણાવતા કહ્યું કે બજેટ દેશની મહિલાઓના મજબૂત જુસ્સાને પ્રતિબિંબિત કરે છે. અને આ બજેટ અનેક તકોનો રાજમાર્ગ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે બજેટ મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલને નવી ગતિ આપવા માટે એક વ્યાપક રોડમેપ રજૂ કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે કાપડ ક્ષેત્ર માટે નવી યોજનાઓ અને ચેમ્પિયન MSMEs ની રચના પણ જાહેર કરવામાં આવી છે , જે દેશની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

(બાઇટ – PM CHAMPION MSME)

. . . . . . . . . . . . .

# UNION MINISTER REAX ON BUDGET

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ 2026-27 તમામ ક્ષેત્રો, વર્ગો અને નાગરિકોને સશક્ત બનાવશે. સોશિયલ મીડિયા સંદેશમાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે આ બજેટ પ્રધાનમંત્રી મોદીના આત્મનિર્ભર અને વિકસિત ભારત માટેના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે. શ્રી શાહે જણાવ્યું હતું કે આ બજેટ 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝન અને આગામી 25 વર્ષ માટે સરકારના રોડમેપને પ્રતિબિંબિત કરે છે.

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આશા વ્યક્ત કરી હતી કે આ બજેટ ગ્રામીણ વિસ્તારો, ગરીબો, કૃષિ અને ખેડૂતોના ભવિષ્યને બદલી નાખશે. તેમણે જણાવ્યું કે કૃષિનો વિકાસ કરવા કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો માટે બજેટમાં 1 લાખ 62 હજાર 671 કરોડ રૂપિયાની જોગવાઈ અને ગ્રામીણ વિકાસ માટે 2 લાખ 73 હજાર 108 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ બજેટને ખેડૂતો, યુવાનો અને નાના અને મધ્યમ ઉદ્યોગો પર કેન્દ્રિત નિર્ણાયક રોડમેપ તરીકે પણ વર્ણવ્યું જેથી સમાવિષ્ટ વિકાસ અને નવીનતાના પાયાને મજબૂત બનાવી શકાય.

. . . . . . . . . . . . .

# REACTIONS ON BUDGET

કેન્દ્રીય બજેટ દ્વારા વિકસિત ભારતના વિકાસ માટે મજબૂત પાયો નાખવા બદલ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે બજેટમાં ઇલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદન સહિત ઉત્પાદન ક્ષેત્ર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે બજેટમાં નવા હાઇ-સ્પીડ રેલ્વે કોરિડોર સ્થાપિત કરવા માટેની જોગવાઈઓ પણ શામેલ છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બજેટને નાગરિકોની લાગણીઓ અને અપેક્ષાઓને પૂર્ણ કરતું બજેટ ગણાવ્યું છે.

(બાઇટ – રાજનાથ સિંહ)

યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ આજે કેન્દ્રીય બજેટને યુવા-સશક્તિકરણ કરતું બજેટ ગણાવ્યું.

(બાઇટ – મનસુખ માંડવિયા , રમતગમત મંત્રી)

. . . . . . . . . . . . .

# CII BUDGET REAX

ભારતીય ઉદ્યોગ પરિષદએ કેન્દ્રીય બજેટ 2026 ને સકારાત્મક ગણાવી આવકાર્યું છે. પત્રકારો સાથે વાત કરતા , કન્ફેડરેશનના પ્રમુખ રાજીવ મેમાનીએ કહ્યું કે બજેટ નાના અને મધ્યમ ઉદ્યોગો સહિત તમામ ઉદ્યોગોની માંગણીઓને સંબોધે છે. તેમણે સેવા ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની પ્રશંસા કરી. શ્રી મેમાનીએ નોંધ્યું કે મૂડી ખર્ચમાં પણ દસથી બાર ટકાનો વધારો થયો છે.

(બાઇટ – રાજીવ મેમાની )

. . . . . . . . . . . . .

# GUJARAT-BUDGET REAX

ગુજરાતના રાજકીય અને ઔદ્યોગિક નેતૃત્વએ કેન્દ્રીય બજેટને એક વ્યૂહાત્મક રોડમેપ તરીકે આવકાર્યું છે જે 'વિકસિત ભારત' ના માર્ગને મજબૂત બનાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બજેટનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે આ બજેટ ત્રણ મુખ્ય ફરજો પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને 'જ્ઞાન' ના ચાર સ્તંભોને મજબૂત બનાવશે - ગરીબ , યુવાનો, ખેડૂતો અને મહિલાઓ તેમજ દિવ્યાંગજનનું પ્રતિનિધિત્વ કરે છે.તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દાનકુનીથી સુરત સુધીનો પ્રસ્તાવિત સમર્પિત ફ્રેઇટ કોરિડોર , કાપડ ક્ષેત્ર માટે છ નવી યોજનાઓ સાથે , ગુજરાતના વેપાર અને ઉત્પાદનને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે.

GCCI ના પ્રમુખ સંદીપ એન્જિનિયરે જણાવ્યું હતું કે આ બજેટ ગુજરાતના MSME ક્ષેત્ર માટે એક પ્રોત્સાહન તરીકે કાર્ય કરે છે. તેમણે ખાસ કરીને 10 હજાર કરોડ રૂપિયાના SME ગ્રોથ ફંડ અને ઉત્પાદન ક્ષેત્ર માટેના પ્રોત્સાહનોને નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને લાભ પહોંચાડવાના મુખ્ય પરિબળો તરીકે પ્રકાશિત કર્યા.

(BYTE-સંદીપ એન્જિનિયર, GCCI ના પ્રમુખ)

. . . . . . . . . . . . .

# SHARE MARKET

ભારતીય શેરબજારમાં આજે કડાકો બોલ્યો હતો.. બજેટની જાહેરાત બાદ શેરબજાર લાલ નિશાન ઉપર કારોબાર કર્યો હતો.. સેન્સેક્સ એક હજાર પાંચસો છેંતાળીસ અને નિફ્ટીમાં 495 અંક ગગડ્યુ હતું.

. . . . . . . . . . . . .

# EVE. PM-PUNJAB VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જલંધરના ડેરા સચખંડ બલ્લાન ખાતે સંત ગુરુ રવિદાસજીના ૬૪૯મા પ્રકાશ પર્વ (જન્મતિથિ) પર તેમને શ્રદ્ધાંજલિ આપી છે. પદ્મ શ્રી સંત નિરંજન દાસ અને શિષ્યોએ તેમનું સ્વાગત કર્યું હતું.

અમારા જલંધરના સંવાદદાતાના અહેવાલ મુજબ ડેરામાં ઉતર્યા બાદ , પ્રધાનમંત્રીએ આદમપુર એરપોર્ટનું નવું નામ 'શ્રી ગુરુ રવિદાસ મહારાજજી એરપોર્ટ, આદમપુર' આપ્યુ હતું. તેમણે લુધિયાણામાં હલવારા એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન પણ કર્યું છે. ડેરામાં સભાને સંબોધતા તેમણે કહ્યું કે દેશ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે.

સંસદમાં આજે રજૂ કરાયેલ કેન્દ્રીય બજેટ વિશે બોલતા શ્રી મોદીએ કહ્યું કે પંજાબ અને દેશમાં ઉદ્યોગો અને MSMEનું ધ્યાન રાખવામાં આવ્યું છે. તેમજ ભારત-EU મુક્ત વેપાર સોદો પંજાબ સ્થિત હોઝિયરી , રમતગમત અને અન્ય ઉદ્યોગો માટે બજાર ખોલશે.

. . . . . . . . . . . . .